# મેં ઘણા વખતથી મોઢે તાળા માર્યા હતા, હવે ચૂપ નહીં રહું : કેશુબાપા

અમદાવાદ, તા.૧૦

પંચમહાલના ઘોઘંબા ખાતે આજે યોજાયેલા આદિવાસી સંમેલનમાં ભાજપના વરિષ્ઠ અગ્રણી પૂર્વમુખ્યમંત્રી કેશુભાઈ પટેલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની કાર્યરીતિની આલોચના કરીને ભાજપની સરકાર સામે જ પ્રહારો કર્યા હતા. તેમણે ભાજપના ધનસંગ્રહથી લઈને આદિવાસી સમાજને થતાં અન્યાય સામે લઈને આદિવાસી સમાજને થતાં અન્યાય સામે ભાજપ સરકારની ટીકા કરી હતી. કેશુબાપાએ જનમેદનીને સંબોધતા કહ્યું હતું કે બીજા વિસ્તારોને લઈને સિંચાઈનો લાભ મળે તો આદિવાસી વિસ્તારોને સિંચાઈનો લાભ કેમ નથી અપાતો. અહી લીલોતરી ક્યાંય જોવા મળતી નથી. સુરત, વડોદરા, અમદાવાદ કે રાજકોટમાં ચોરી થાય તો ગરીબ આદિવાસી માણસોનું જીવન બગાડી નાંખવામાં આઆવે છે. આવા લોકો આદિવાસીઓનું શું કલ્યાણ કરી શકવાના છે ? મેં ઘણા વખતથી મોઢે તાળાં માર્યા હતા હવે હું ચૂપ રહેવાનો નથી. સરકારે વનબંધુ યોજના બનાવી તે ઢોલની અંદરથી પોલો છે. ઢોલ બહુ વાગતો હોય પણ અંદરથી પોલો હોય છે એટલે આ બધુ પોલુ છે. કોઈ નક્કર કામ થકતું નથી. મોટા મોટા પેકેજો જોવા કે વનબંધુ યોજના ગરીબ કલ્યાણ મેળા આ છેતરપિંડી છે. બજેટમાં જોગવાઈ કરી એમાં નવું શું છે ? આદિવાસી સમાજના



દુઃખ દર્દોને કોઈ પૂછનારૂ નથી. વનમંત્રી મંગુભાઈ પટેલે આ સંમેલનને નિષ્ફળ બનાવવા અનેક પ્રયાસો કર્યા હતા. સંમેલનમાં આવતા લોકોને રોક્યા હતા. મંગુભાઈ પોતાના પગ પર જ કુહાડો મારી રહ્યા છે. કેશુબાપાએ પોતાની આક્રમક શૈલીમાં સંમેલનને સંબોધતા વધુમાં કહ્યું હતું કે ટાટાને નેનો કાર માટે બંગાળમાંથી લઈ આવ્યા અને તેમના માટે લાલ જાજમ પથારી ટાટા ૨૯૦૦ કરોડ રોકે અને રૂપિયા ૩૩૦૦ કરોડનું તેને પેકેજ આપ્યું. આપણા ટેક્સમાંથી ટાટાને થાળ પિરસાયો છે. આ સરકારે ગૌચરની ૧.૫ લાખ એકર જમીન ઉદ્યોગપતિઓને પધરાવી દીધી એટલે ગાયો કતલખાને જઈ રહી છે. ભાજપે ધનસંગ્રહના નામે રૂપિયા ૫૦૦ કરોડ ઉઘરાવ્યા, આ ખંડણી કહેવાય અધિકારીઓ રૂપિયા ૫૦૦ના બદલે રૂપિયા ૧૫૦૦ કરોડ ઉઘરાવે કોણ પૂછનાર છે ? આદિવાસી વિસ્તાર માટે ૧૭૪ એમઓયુ થયા કેટલાનો અમલ થયો કોઈને ખબર નથી. તેમણે કહ્યું હતું કે સંજયભાઈ જોશીને હું ભાજપના સભ્યપદેથી પણ નહીં રહેવા દઉં કેવી માનસિકતા છે. રાજકોટમાં ભાજપની પ્રદેશ કારોબારીમાં કાર્યકર્તાઓને કૃત્રિમ ઈન્જેક્શનો અપાયા છે. એક માણસનં કદ મોટુ કરવા ૬૦૦ જેટલી એસટી બસો ત્રણ દિવસ લઈ લેવામાં આવે દર્દી, વિદ્યાર્થીઓ-પ્રજા પરેશાન થાય છે. વનબંધુ યોજનામાંથી સરકારે ૬૦૦ બસ ખરીદી છે. પણ કોના લાભ માટે ?



ગિયોડ શકિતપીઠ મંદિર અંબાજી ખાતે અર્બુદા પરિવાર ટ્રસ્ટ છાલાના ઉપક્રમે ચૌધરી સમાજ આયોજિત વિશાળ મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સામાજિક પરિવર્તન દ્વારા સમાજના ઉત્થાનમાં મહિલાઓ વિશેષ યોગદાન આપી ઉગતી પેઢીમાં શિક્ષણના માધ્યમ દ્વારા મહિલા સશકિતકરણને વધુ વેગ મળે તેમજ બાળકોમાં-બાળઉછેરમાં સંસ્કાર, ગુણો, મુલ્યો, કેળવણી દ્વારા સમયની માંગ મુજબ સર્વાંગી વિકાસની પ્રક્રિયા વધુ વેગવાન બને તેવા પ્રયાસો હાથ ધરવા મહિલાઓ વધુ જાગ્રત થાય તેવા હેતુસર આ સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપના ઉપપ્રમુખ મધુબેન ચૌધરીએ ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે અર્બુદા પરિવાર ટ્રસ્ટ છાલાના મહાનુભાવો તથા આજુબાજુના ગામોના સમાજના અગ્રણી આગેવાનો તથા મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## હવે એનસીપી જોશી પોસ્ટર કાંડમાં એકાએક કેમ સામેલ

### એનસીપીના અગ્રણીઓના મુખ્યમંત્રીની સાથે સુમેળભર્યા સંબંધો રહ્યા છે : પોસ્ટર લગાડવા પાછળ કોનું દિમાગ ?

ગાંધીનગર, તા.૧૦

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રચારક તરીકે રહી ચૂકેલા અને એક સમયે પ્રદેશ ભાજપના મહામંત્રી તરીકે સેવા આપીને કાર્યકર્તાઓમાં પ્રિતિપાત્ર બની ચૂકેલા સંજય જોશીને તેમના કટ્ટર મનાતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની જીદને કારણે ભાજપના તમામ પદો પરથી રાજીનામું આપવાની ફરજ પડી છે. જેમાં સંજય જોશીની તરફેણમાં દિલ્હી અને અમદાવાદમાં લગાવાયેલા પોસ્ટરકાંડે જ સંજય જોશીનો ભોગ લેવાયો હોવાથી ચર્ચા જાગી છે ત્યારે આ મામલે એનસીપીએ પણ સંજય જોશીના સમર્થનમાં પોસ્ટરકાંડમાં ઝંપલાવતા રાજકીય કાર્યકરોમાં આશ્ચર્ય થયું છે અને પોસ્ટર પાછળ કોનું દિમાગ કામ કરી રહ્યું છે તેની અટકળો થવા લાગી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ એનસીપીના રાષ્ટ્રીય અગ્રણી અને કેન્દ્રીય કૃષીમંત્રી શરદ પવાર, ગુજરાતના પ્રભારી કેન્દ્રીય ઉડ્ડીયન મંત્રી પ્રફુલ્લ પટેલ તથા એનસીપીના ગુજરાતના પ્રમુખ જયંત પટેલ (બોસ્કી)ને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથ સારા સંબંધો રહ્યા છે. વિધાનસભામાં પણ એનસીપી સરકાર સામે ક્યારેય આક્રમક બની નથી. એનસીપીના તમામ ધારાસભ્યોને પણ સરકારના તમામ મંત્રીઓ સાથે સુમેળ ભર્યા સંબંધો રહ્યા છે તો એનસીપીએ સંજય જોશીના સમર્થનમાં એકાએક કેમ ઝંપલાવ્યું તેની કાર્યકરોમાં ચર્ચા જાગી છે. સંજય જોશી સંઘના રંગે રંગાયેલા છે. ઘણીબધી હિન્દુવાદી સંસ્થાઓ સંજય જોશીને સમર્થન કરી રહી છે ત્યાર સંજય જોશી એનસીપીનો આશરો લે જ નહીં એટલે જોશીના સમર્થનમાં પોસ્ટરો લગાડવા પાછળ મોદીનો હાથ તો નથી ને ? એવી ચર્ચાએ જોર પકડ્યું છે કારણ કે મુખ્યમંત્રી નેગેટિવ અને પોઝીટિવ એમ બન્ને રીતે પબ્લીસિટી મેળવવામાં માહેર છે. એટલે પોસ્ટર પાછળ કોનું દિમાગ કામ કરે છે એ જાણવા કાર્યકરો મથામણ કરી રહ્યા છે.

## સમાચાર ઝલક

- શાળાઓ ખુલતાં પુસ્તકો, નોટબુક, અને દફ્તરની ખરીદી માટે સ્ટેશનરીની દુકાનો પર ભારે તડાકો.
- વેરાવળના દરિયા કિનારે ૧૦મી જૂનથી ઓગસ્ટ સુધી દરિયા ખેડવા સામે પ્રતિબંધ, ચોમાસામાં દરિયો તોફાની બનતો હોવાના કારણે.
- સિમેન્ટના ભાવમાં ૧૦ થી ૧૫ નો વધારો.
- વી.આઇ.પી.ની સુરક્ષામાં કોઇ પણ છૂટછાટ એરપોર્ટ પર નહિ મળે, અમેરિકાનાં વહીવટ તંત્રને કડક રહેવાનો આદેશ.
- માજી સૈન્ય વડા શ્રી વી.કે. સિંહ સામે બદનક્ષીની ફરિયાદ નોંધાઇ.
- લઘુમતિ અનામતના આંધ્ર હાઇકોર્ટના આદેશ સામે કેન્દ્રે સુપ્રિમમાં રીટ દાખલ કરી.
- ઉત્તર પ્રદેશમાં આરોગ્ય ખાતાના કૌભાંડમાં ૨૦ ડોકટરોને છૂટા કરાયા.
- સ્પેનની નાણાકીય કટોકટી હળવી થશે, યુરો ઝોન નાણામંત્રીઓની સંમતિ સધાઇ.
- દિલ્હીમાં પાઇપલાઇનમાં ભંગાણ પડવાથી જળસંકટ બે દિવસ માટે રહેશે.
- ગૌહાટી એરપોર્ટ પર વિમાની દુર્ઘટના ટળી, મુસાફરો સલામત, ૪૦ મિનિટ વિમાને આકાશમાં ચક્કર માર્યા.
- તેલગંઆનાં મુદ્દાની ચર્ચા સંસદમાં ફિક્સિંગ થયેલ હોય છે : ભાજપ પ્રવકતા.
- આસામમાં મોટો આતંકવાદી હુમલો નિષ્ફળ બનાવાયો.
- ભોપાલમાં એમ્બ્યુલન્સ વાન ૧૦૮માં બળાત્કારનો બનાવ બન્યો.
- ઉત્તરપ્રદેશમાં ગુંડારાજ - આચાર્યને રસ્તા વચ્ચે મારપીટ કરવામાં આવી.
- હરિયાળામાં નારી સંરક્ષણ ગૃહો અને બાળકો માટે આશ્રમો બંધ કરવા નિર્ણય લીધો : કોર્ટની તપાસ બાદ નિર્ણય લેવાયો.
- સાયના નેહવાલે થાઇલેન્ડ કપ જીતી લીધો.

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



બટુકભાઈ દેવજીભાઈ ટાંક (૧૯૩૫) ફોન. ૨૩૨-૨૩૨૧૯

## પતિ નોકરી ગયા ને પત્નીનો ગળે ફાંસો ખાઈને આપઘાત

અમદાવાદ, તા.૧૦

કાંકરીયા વિસ્તારમાં આવેલા સારથી એપાર્ટમેન્ટ ખાતે પતિ-પત્ની વચ્ચે ઘરકામ બાબતે ઝઘડો થતાં સમાધાન કરી પતિ નોકરી પર ગયા હતાને પરણીતા ઘરમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિગત એવી છે કે કાંકરીયામાં આવેલા સારથી એપાર્ટમેન્ટ ખાતે બી-૨માં નૈમેષકુમાર સોની પોતાના પત્ની હેતલબેન સાથે રહે છે. ગઈ કાલે નૈમેષભાઈ અને હેતલબેન વચ્ચે ઘરકામ બાબતે બોલાચાલી થઈ હતી. નૈમેષભાઈએ પોતાના સાસુ-સસરાને જાણ કરી હતી. ત્યારબાદ તેમણે બંને વચ્ચે સમાધાન કરાવ્યું હતું. તે પછી નૈનેષભાઈ નોકરી ગયા હતા. દરમ્યાનમાં ગઈકાલે મોડી સાંજે હેતલબેને પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં નૈમેષભાઈ દોડી આવ્યા હતા. આ અંગેની જાણ થતાં કાગડાપીઠ પોલીસની ટીમ દોડી ગઈ હતી.

## ગોટાળો જ ગાંધીનગર.ડોટકોમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે. અને વધુ કરૂણ વાત એ છે કે, રેડિયોલોજીસ્ટ હાજર હોય ત્યારે મશીન બંધ પડી ગયા હોય છે. આના કારણે ઘણા દર્દીઓ જે આર્થિક સક્ષમ હોતા નથી તેઓએ બહાર કોઈ ખાનગી સંસ્થામાં જઈને સિટિસ્કેન કે સોનોગ્રાફી કરાવવી પડે છે.

**પગારની પારાયણ :** સિવિલમાં એક રોગી કલ્યાણ સમિતિ કાર્યરત છે. મુખ્યત્વે ડૉક્ટરથી નીચેનો મોટો ભાગનો સ્ટાફ આ સમિતિ હસ્તક છે. હવે દર્દીઓ પાસેથી આ સમિતિ દાન પેટે રૂપિયા તો ખંખેરે છે પરંતુ તેમના સ્ટાફને નિયમિત પગાર કરતાં નથી. ક્યોક તો આ નીચેના સ્ટાફનો પગાર ચાર-ચાર મહિને થયો હોય તેવી વાતો સાંભળવા મળી છે.

એન.એ.બી.એચ.ની ગાઈડલાઈન પ્રમાણેની મોટાભાગની ફેસીલીટી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નથી. માત્ર મોકડ્રીલો કરીને લોકોમાં એવી છાપ ઉભી કરવામાં આવી છે કે ગાંધીનગર સિવિલમાં તમામ પ્રકારની સુવિધાઓ છે જે દેશની મોખરાની હોસ્પિટલમાં હોવી જોઈએ.

આ બધા કારણે આપણે ગર્વથી કહી શકીએ છીએ કે અમારી સિવિલ હોસ્પિટલ દેશની પ્રથમ પ્રમાણિત અને મોખરાની હોસ્પિટલ છે.

**- દર્શના**

www.gotadogandhinagarno.blogspot.com

## પૂર્ણ સફાયો થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતે વિકાસની રાજનીતિની દેશને ભેટ આપી છે. ગુજરાતની ચૂંટણીમાં દેશની જનતાને કઈ દિશામા જવાનુ છે તેનો માર્ગ મળવાનો છે. ગુજરાતે રાજકીય સ્થિરતા અને શાંતિ-સદ્ભાવના શક્તિને વિકાસમાં પરિવર્તિત કરી દીધી છે. ગુજરતા પ્રદેશ ભાજપની બે દિવસીય કારોબારીને રાજકોટમાં સંબોધતા મોદીએ કહ્યુ હતુ કે યૂપીએ સરકારે આઠ વર્ષના શાસનમાં

દેશને એવા સંકટમાં ધકેલી દીધુ છે જેને કારણે ભારત ૨૧મી સદીમાં મહાશક્તિશાળી સત્તા બનાવના બદલે ઘોર નિરાશામા ધકેલાઈ ગયુ છે. પ્રદેશ કારોબારીની બેઠકમાં મોદીએ પોતાના સંબોધનને ચૂંટણીલક્ષી મદ્દાઓ પર પણ પ્રકાશ ફેકયો હતો. તેમણે ઉમેર્યુ હતુ કે અમે વર્શ ૨૦૧૨થી ચૂંટણી જીતતા આવ્યા છે. ગુજરાતે વિકાસની રાજનીતિ અપનાવી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે લોકો આ વખતે પણ અમને જ મત આપશે. ભ્રષ્ટાચારનો મામલે કોંગ્રેસની ટીકા કરતા તેમણે કહ્યુ હતુ કે ગઠબંધન રાજકારણના કારણે ભ્રષ્ટાચાર સામે પગલા લેવાથી કોંગ્રેસ ખચકાટ અનુભવ કરી રહી છે. યૂપીએ સરકારથી દેશના લોકો ત્રાસી ગયા છે. યૂપીએની ટીકા પોતાની રીતે કરતા તેમણે એમ પણ કહ્યુ હતુ કે મનમોહનસિંહ સરકાર આ વાતા સમજી રહી નથી કે તેમની નૌકા હવે ડૂબી રહી છે. મુખ્યમંત્રીએ ભાવ વધારા, વિકાસ, ભ્રષ્ટાચાર સહિતના તમામ મુદ્દાઓ પર એક પછી એક પ્રહારો કર્યા હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની નેતૃત્વમાં જ્યારે સરકાર હતી તે વેળામાં ભાવ નક્કી કરવા મોદીએ યૂપીએ સરકારને ખુલ્લો પડકાર ફેક્યો હતો. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ડોલર સામે રૂપિયામાં ઘટાડો અર્થતંત્રમાં નબળાઈના કારણે નહી બલ્કે યૂપીએના ભ્રષ્ટાચારના કારણે થઈ રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે કોંગ્રેસના નેતૃત્વની યૂપીએ સરકાર ના કારનામા લોકો સમક્ષ આવી રહ્યા છે જેથી લોકોમાં જન આક્રોશ વધી રહ્યો છે. ગુજરાતના લોકો કેન્દ્રની વર્તમાન સરકારના ભ્રષ્ટાચારોનો હિમ્મતથી મુકાબલો કરતી રહી છે. ભાજપનો ઉત્તરો ઉત્તર જનાધાર વધતો રહ્યો છે. બધી જ ચૂટણીઓમા ભાજપને મળેલા વિજયો આ બાબત સાબિત કરે છે. દેશના યુવાનો બેકારીમાથી બહાર નિકળવા તડફી રહ્યા છે. દેશની ગૃહિણીઓ મોંઘવારીમાં કુટુંબના બે ટંક ભોજનને લઈને પરેશાન છે છતા કોંગ્રેસ સરકાર મોંઘવારી ઘટાડવાની વાત તો દૂર રહી મોંઘવારી પરંતુ મોંઘવારી રોકી શકવામા પણ નિષ્ફળ રહી છે. ગુજરાતની ભાજપ સરકાર સામે જુઠાણાના ષડયંત્રની ધરમાર ચાલી રહી છે. પણ ગમે તેવી આંધી આવે તો પણ ગુજરાત તેની વિકાસની રાજનીતિથી પીછે હઠ કરશે નહી. તેમણે ઉમેર્યુ હતુ કે યુવા શક્તિના કૌશલ્યને રોજગારની દિશા મળી રહી છે. આખા એક દશકમાં ગુજરાતમાં સદ્ભાવનાની શક્તિના સંપૂર્ણ શાંતિ રહી છે. પ્રદેશ કારોબારની બીજા દિવસે મોદીના સંબોધનથી ભાજપના નેતાઓમાં પણ ઉત્સાહ વધી ગયો હતો.

## ત્રણ કેટેગરીમાં સર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને પ્રાથમિક તારણ પ્રમાણે ૧૮૨ પૈકી ૪૮ બેઠકો આવે છે. બીજી કેટગરી બી-માં પાર્ટીને વધારે મહેનતની જરૂર હોય તેવી બેઠકો મૂકવામાં આવી છે, જ્યારે સી-કેટેગરીમાં ભાજપ જે બેઠકો હારી શકે છે તે અલગ તારવવાની થાય છે.

નિરીક્ષણમાં હાલની રાજકીય પરિસ્થિતિ, સરકાર પ્રત્યે લોકોનો ગમો-અમગમો, વિકાસના કામો થયાં છે તેની અસર, વિપક્ષને કેટલી સફળતા મળે તેમ છે તેની ટકાવારી, મતવિસ્તારમાં મતદારોની જ્ઞાતિઓનું વર્ચસ્વ, પાર્ટી માટે કામ કરી શકે તેવા નિષ્ઠાવાન કાર્યકરોની ઉપલબ્ધિ, હારી શકાય તેવી બેઠકો જીતવાની રણનિતી તેમજ નવા સિમાંકન પ્રમાણે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જેવા મુદ્દાઓને મહત્વ આપવામાં આવ્યું છે. ભાજપના કમિટેડ વોટર્સની માહિતી પણ એકત્ર કરાશે.

વિધાનસભાની ડિસેમ્બર-૨૦૧૨માં યોજાનારી ચૂંટણીમાં યુવા અને મહિલા મતદારો પ્રભાવી રહેશે તેથી તમના મત મેળવવા ભાજપે અલગ વ્યૂહરચના ગોઠવી છે. રાજ્યના પ્રત્યેક તાલુકામાં ૧૦૦૦ યુવાનોને તૈયાર કરાશે. તેમને રોજગારલક્ષી તાલીમ પણ અપાશે. આ સર્વેની કામીગીરી પૂર્ણ થાય પછી તેનો કોમ્પ્રિહેન્સીવ રિપોર્ટ સરકારમાં સબમીટ કરવાનો થાય છે. આ રિપોર્ટના આધારે ઉમેદવારોની કસોટી કરવામાં આવશે. મતદારોમાં તેમનું પ્રભુત્વ કેવું છે તેની ચકાસણી કરાશે. એટલું જ નહીં લોકોની અપેક્ષા પ્રમાણેનો ચૂંટણી ઢંઢેરો બનાવવામાં આવશે.

ગુજરાતમાં ૧૯૯૦ પછી કોંગ્રેસ એકલેહાથે સત્તા ઉપર આવી નથી. ૧૯૯૫ થી ભાજપ સત્તારૂઢ છે અને ઓકટોબર-૨૦૦૧ થી ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું શાસન ચાલી રહ્યું છે ત્યારે ૨૦૧૨ની ચૂંટણીમાં એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર કેટલું છે તેનું સર્વેક્ષણ ભાજપ માટે મહત્વનું સાબિત થશે.

## નોટીસ ફટકારવવાનો નિર્ણય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેક્ટરોની શાળાઓ પર પહોંચી ગયા હતા અને તેમણે વૈકલ્પિક વ્યવસ્થાઓ તાત્કાલિક ઉભી કરી લોકોને રાહત આપી હતી.

મતદાર સુધારણા ઝુંબેશ ૧ થી ૧૮ જુન દરમ્યાન યોજવામાં આવી છે જેમાં ૧૦ અને ૧૭ જૂન દરમ્યાન ખાસ અભિયાન યોજવાનું આયોજન પંચે નિયત કરેલ છે. જિલ્લામાં ૧૧૫૨ જેટલા બુથો પર આજે બુથ લેવલ ઓફિસરો તેમજ અન્ય અધિકારીઓ મળી ૨૫૦૦ થી વધુ કર્મચારીઓ આ કામગીરીમાં જોતરાયા હતા.

જે કર્મચારીઓની ગેરહાજરી જણાઈ છે તે શાળાના આચાર્યને તાત્કાલિક પોતાનો અહેવાલ મોકલી આપવા કલેક્ટરશ્રીએ કડક તાકીદ કરી છે તેમજ આ કર્મચારીઓને કારણદર્શક નોટીસો ફટકારવાનો પણ નિર્ણય કર્યો છે.

આજે જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણા તથા મામલતદારી એમ. એસ. પંચાલે સે. ૨૮, ૨૬, ૨૭, ૮, ૭, ૫, ૩, ૨૨ સહિત જુદા જુદા સેક્ટરોની મુલાકાત લીધી હતી અને ઝુંબેશની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણાનો આ પાંચમો તબક્કો છેલ્લા બે વર્ષમાં યોજાઈ રહ્યો છે. આ અભિયાન દરમ્યાન આજે સ્થળાંતરિત થયેલા મતદારોની અરજીઓ વધુ મળી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. ખાસ કરીને ગાંધીનગર (ઉ) તથા ગાંધીનગર (દ)માં સ્થળાંતર કરી ગયેલા મતદારોની સંખ્યા વિશેષ જણાઈ છે. આ ઉપરાંત એપિક કાર્ડમાં ભૂલો અંગે પણ રજુઆતો મળી હોવાનું જાણવા મળેલ છે.

યુવા મતદારોની તેમજ મહિલા મતદારોની નોંધણી વધુ થાય તેના માટે તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ માટે કેટલાક વિધાનસભા મત વિસ્તારમાં લોકજાગૃતિ પણ સારી એવી જોવા મળી છે. એક-બે બેઠકો પર રાજકીય પક્ષોના આગેવાનો દ્વારા રિક્ષાઓ પર માઈકો બાંધી અને જાહેરાતો પણ કરાઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

મતદાર જાગૃતિ અભિયાન વિશેષ રીતે હાથ ધરવાનું પંચે અલાયદુ અભિયાન છેડવાનો નિર્ણય કર્યો છે જે ઉલ્લેખનીય છે. આ અંગેની વિધિવત્ ઘોષણા હવે થશે તો બીજી તરફ શુદ્ધ અને ક્ષતિરહિત મતદારયાદીઓ તૈયાર કરવા માટે પંચે ખાસ નિરીક્ષકો ત્રણ થી પાંચ જિલ્લાઓને આવરી લઈ પહેલીવાર નિમ્યા છે અને આ નિરીક્ષકો પણ રાજ્યના પ્રવાસે હાલમાં છે જે ઉલ્લેખનીય છે.

## શબ્દાવલી - ૪૭૫૪



### આડી ચાવી

૧. ઉછાંછળાપણું, છિંછરાપણુ (૫)
૪. ભગવાનના ઘેર... છે, અંધેર નહિ (૨)
૬. જેનો કોઈ જવાબ ના હોય તેવું સુંદર (૪)
૭. અવિરત, અટક્યા વગર (૩)
૯. તબલુ, એક પ્રકારનું ઢોલ (૩)
૧૦. કંઈ નવું ના હોય તેવું સામાન્ય (૪)
૧૫. નાગણ (૩)
૧૭. બારણું, દરવાજો (૩)
૧૯. કૈલાસમાં... ડમડમ વાગે (૩)
૨૧. અસરકારક (૪)
૨૪. કોહવાટ (૩)
૨૫. ગેડ, સળ (૨)

### ઊભી ચાવી

૧. દિલાસો (૪)
૨. ઈચ્છિત વસ્તુ આપનાર સ્વર્ગનું વૃક્ષ (૪)
૩. એલચી (૪)
૪. નિસ્બત, લેવા... (૨)
૫. ભગવાન, ઈશ્વર (૨)
૮. ટોકર, કતેડુ (૩)
૧૧. એક ફેન્સી ડ્રેસ (૨)
૧૨. ખોટા વખાણ કરી પોતાના કામ કઢાવવાની ક્રિયા (૪)
૧૩. મીઠુ, સબરસ (૨)
૧૪. પરવા, ચિંતા (૨)
૧૬. તાપ, ઉનાળામાં પડે (૩)
૧૭. હૃદયદ્રાવક (૩)
૧૮. 'અડગ' શબ્દ આડોઅવળો (૩)
૨૦. પોષ મહિના પછી... મહિનો આવે (૨)
૨૨. કેડ, કમર (૨)
૨૩. છુટ્ટી, રવિવારે... (૨)

### શબ્દાવલી ૪૭૫૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધરપત (૪) મશાલ (૭) રમતગમત (૮) ખરખરો (૯) ધરાશયી (૧૦) હુતાશણી (૧૨) ખલાસી (૧૩) ધોધમાર (૧૫) મરક્યુરી (૧૭) વેણુ (૧૮) પણછ

**ઊભી ચાવી :-** (૧) ધરખમ (૨) પરખ (૩) તમરો (૪) મગતરા (૫) શામ (૬) લત (૯) ધણીધોરી (૧૦) હુલામણુ (૧૧) તાસીર (૧૪) મારણ (૧૬) ક્યુટ

SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI
BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ